આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-23-10-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

-------------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી–ભારતીય ગૃહરક્ષક અને નાગરિક સલામતી સંમેલન

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, “આવનારા ચાર મહિનામાં નાગરિક સંરક્ષણ અને ગૃહરક્ષક કાયદામાં નવા પરિવર્તન કરાશે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે 14મા અખિલ ભારતીય ગૃહરક્ષક અને નાગરિક સલામતી સંમેલનને સંબોધતા શ્રી શાહે કહ્યું કે, “વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ સેવાને નાગરિક સંરક્ષણ અને ગૃહરક્ષકના માધ્યમથી ચરિતાર્થ કરીશું.

ઉપરાંત શ્રી શાહ ગાંધીનગરમાં કડી સર્વ વિદ્યાલય પરિસર ખાતે યોજાયેલા નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ એનાયત કરી હતી. તેમજ ગાંધીનગર મહાનગરના કાર્યાલય શ્રી કમલમનો પણ શિલાન્યાસ કર્યો હતો.

**RNU અમદાવાદ**

-------------------------------------------------------------------------------

RNU BHUJ

## કેન્દ્રીય ગૃહમંત્રી – કાયદા મુસદા તાલીમ કાર્યક્રમ

કેન્દ્રીય ગૃહમંત્રી અમેત શાહે ન્યાયિક દખલગીરીના અવકાશને ઘટાડવા માટે કાયદાના મુસદ્દામાં કાયદાકીય સ્પષ્ટતાના મહત્વ પર ભાર મૂક્યો હતો. ગાંધીનગરમાં કાયદા મુસદ્દા તાલીમ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના ધારાસભ્યોને સંબોધતા શ્રી શાહે કહ્યું હતું કે, સ્પષ્ટ અને દોષરહિત કાયદો અમલીકરણમાં તો મદદ કરે જ છે, પરંતુ લોકશાહી વ્યવસ્થામાં પરિવર્તન લાવવામાં પણ મદદ કરે છે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી – NDDBની હિરક જયંતિ સમારોહ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે આગામી પાંચ વર્ષમાં દેશના તમામ આઠ કરોડ પશુપાલકોને સહકારી વ્યવસ્થા સાથે જોડવામાં આવશે.

આણંદમાં રાષ્ટ્રીય ડેરી વિકાસ બૉર્ડ એનડીડીબીની હીરક જયંતી અને અમૂલના સ્થાપક ત્રિભુવનદાસ પટેલની 121મી જન્મજયંતિ સમારોહને સંબોધતા શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું. શ્વેતક્રાંતિ હેઠળ દેશમાં વધુ એક લાખ નવી ડેરીની રચના કરાશે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે, દેશના ગ્રામીણ પરિવારો પૈકી માત્ર દોઢ કરોડ પરિવાર જ સહકારી ક્ષેત્રે જોડાયા છે. બાકીના 6 કરોડ 50 લાખ પરિવારોને સહકારી ક્ષેત્ર સાથે જોડવા સમગ્ર દેશમાં નવી 2 લાખ સહકારી મંડળીઓ બનાવવામાં આવી રહી છે. શ્રી શાહે ખેડૂતલક્ષી જન યોજનાઓના લાભોના ચેકનું પણ વિતરણ કર્યું હતું.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------------

## જળ વ્યવસ્થાપન શ્રેણીમાં ગુજરાતે દેશમાં ત્રીજું સ્થાન મેળવ્યું

ગુજરાતે શ્રેષ્ઠ જળ વ્યવસ્થાપન શ્રેણીમાં દેશમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય જળ પુરસ્કાર એનાયત કર્યા હતા. જેમાં ગુજરાત અને પુડુચેરીને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ સંયુક્તરૂપે ત્રીજું સ્થાન પ્રાપ્ત કરવા બદલ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચકર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની યાદીમાં જણાવ્યા મુજબ ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ તેમજ ધોરણ 10 અને સંસ્કૃત પ્રથમા ફેબ્રુઆરી 2021માં યોજાનાર બોર્ડની જાહેર પરીક્ષાના આવેદનો રેગ્યુલર ફી સાથે 22મી ઓકટોબરથી 30મી નવેમ્બર સુધી બોર્ડની વેબસાઈટ જ gseb.org પરથી ભરી શકાશે. જે અંગની સુચનાઓ બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવી છે. ત્યારે જાહેર પરીક્ષાના આવેદન પત્રો ફરજીયાત ઓનલાઈન ભરવા રહેશે તેવુ યાદીમાં જણાવ્યું છે.

**RNU ઓફિસ ગ્રુપ / જાગૃતિ વકિલ**

---------------------------------------------------------------------------

RNU

## પત્ર લેખન સ્પર્ધા

ભારતીય ટપાલ વિભાગ દ્વારા લોકોને પત્ર લેખન માટે પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય સ્તરે પત્ર લેખન સ્પર્ધા ઢાઈ આખરનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સ્પર્ધામાં લેખનનો આનંદ ડિજિટલ યુગમાં પત્રોનું મહત્વ વિષ્ય પર પ્રતિભાગીઓએ તેમના વિચારોને વ્યકત કરતો એક પત્ર લખવાનો રહેશે.

આ ઢાઈ આખર પત્ર લેખન સ્પર્ધામાં કોઈ પણ વયના લોકો ભાગ લઈ શકે છે. પત્ર ડાક વિભાગ દ્વારા જારી કરવામાં આવેલ આંતર દેશીય પત્ર અથવા પરબડિયામાં જ માન્ય હશે. જેમાં અનુક્રમે 500 અને 1000 શબ્દોમાં અંગ્રેજી, હિન્દી અથવા સ્થાનિક ભાષામાં હાથથી પત્ર લખવાનો રહેશે. પત્ર જરૂરી વિગતો સાથે સબંધિત પરિમંડલના મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલના સરનામે 14 ડિસેમ્બર સુધી મોકલવાનો રહેશે.

આ અંગે વધુ માહિતી માટે વિવિધ પરિમંડલોના અધિક્ષકો અને મુખ્ય ડાકઘરના પોસ્ટ માસ્ટર સાથે સંપર્ક કરી શકાય છે.

**RNU અમદાવાદ**

---

## ડૂબી જવાથી મૃત્યુ

માંડવીમાં ડૂબી જવાથી કિશોરવયના બે પિતરાઈ ભાઈના મૃત્યુ નિપજ્યા છે. શિતળા માતાના મંદિર નજીક વહેતી નદીના પટના ખાડામાં ડૂબી જતા 14 વર્ષની વયના બે પિતરાઈ ભાઈઓના મૃત્યુ નિપજયા છે. બંને ભાઈઓ ભેંસો ચરાવવા ગયા હતા ત્યારે આ દુર્ઘટના ઘટી હતી.

**RNU ઓફિસ ગ્રુપ**

---

## પૂર્વ કચ્છ પોલીસ – સિનિયર સિટીઝન સાથે મુલાકાત

પોલીસ તથા પ્રજા વચ્ચે સમન્વય સધાય અને પ્રજાનો પોલીસ પ્રત્યે વિશ્વાસ રહે તે માટે પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારે ગાંધીધામના સિંધુ બાગ ખાતે સિનિયર સિટીઝનો સાથે મુલાકાત કરી તેમને પડતી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરી હતી. અને જરૂર પડ્યે પોલીસ વિભાગ દ્વારા યોગ્ય મદદ કરતા ખાત્રી આપી હતી.

**N.P/પદ્દણીભાઈ**

---------------------------------------------------------------------------

## જિલ્લામાં છુટો છવાયો વરસાદ

જિલ્લામાં સવારે ઝાકળવર્ષા અને દિવસે તાપ-ઊકળાટના અનુભવાતાં વિષમ માહોલ વચ્ચે છૂટાછવાયાં ઝાપટાંનો દોર યથાવત રહ્યો છે. ગઈકાલે ભચાઉ, લખપત, માંડવી તાલુકાના ત્રગડી અને કોકલિયા તો મુંદરા તાલુકાના ભુજપુરમાં વરસાદી ઝાપટાંની હાજરી જોવા મળી હતી.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

RNU BHUJ